# ખીંટીઓ

મારા બાપ-દાદા-પરદાદાના ઘરની ભીંતો
ઘૂસી જાય છે ટાણે-કટાણે
મારા 1 bhkના ફ્લૅટમાં
ભીંતો ફાડીને પીપળો ઊગે એ તો સમજાય
આ તો ઊગી નીકળે છે ખીંટીઓ નહોર જેવી!
ખીંટીઓ બસ ખીંટીઓ ખીચોખીચ ખીંટીઓ –
જેને હું પાંખાળો ઘોડો કરીને ઊડતો હતો
એ નેતરની લાકડીઓ
આજે બોચીથી પકડે છે ‘સાલ્લા’!

માથે પહેરી દાદા-પરદાદાની નકલ કરતો હતો એક વેળા
એ પીળી પડતર પાઘડીઓના છેડા
ફુત્કારે છે મને વારે-તહેવારે
એ છત્રીઓનાં અસંખ્ય કાણાઓમાંથી
મને જોતી આંખો દીવાસળી ચાંપે છે
મારી કાગળની હોડીઓને
મૂછે તાવ દેતા ફોટાઓના હાથ
તમચાઓ મારે છે મારા નમૂછા મોઢા પર
કટાયેલી તલવારો, બખ્તર, બારબોરની બંદૂકો
કાયર-કાયર કહીને થૂંકે છે
મારા જ જન્માક્ષરો પર

ફાનસમાંથી ઘૂરકે છે પડછાયાઓ હપતેથી લીધેલા ટી. વી. પર
મોતીગૂંથ્યા જર્જરિત વીંઝણાઓ જંગે ચઢે છે પંખાની હવા સાથે
લટકે છે કટાયેલી ચાવીઓના કંઈક ઝૂડાઓ
આજે અસમર્થ છે
મારા મનના પટારાઓ ખોલવા...
બીજું તો ઠીક, માની કંઠી, મોટી માની ગૌમુખી,

વડદાદીની ચાંદીની ગાય
મોં ફેરવી લ્યે છે આજે મારાથી

મેં સાત પેઢીનાં વહાણ ડૂબાડયાં છે
મારાં 1 bhkના ફ્લૅટના દરિયામાં
ગામનું બાપ-દાદાનું પરદાદાનું ખોરડું ખોઈને
જનોઈ ખભેથી ઉતારી
આબરૂનાં ચીંથરાઓ લટકાવી દીધાં છે.
બાપ-દાદા-પરદાદાની ખીંટીઓ પર

ફસાઈ ગયા છે પેઢીઓનાં વહાણ
મારા 1 bhkના ફ્લૅટની દીવાલો પર તસુયે જગ્યા નથી બચી
મારી આંગળીએ ઊછરતી પેઢી કાલે મને પૂછશે
‘આ બાર્બી અને આ ટૅડી બૅયર
ક્યાં લટકાવીએ અમે?’

*01-2012*

# કોકડું

પતંગની દોરી, ગરિયાની જાળી કે
સૂતરનાં મોરપગલાં
ગૂંચવાઈ જતાં વારંવાર
ઉકેલી શકતો હર્ષભેર
ત્યારે
સરકતી ગાંઠ જેવું લાગતું જગત.
પછી કેસૂડાં મ્હોરતાં ગયાં તેમ ગૂંચવાતો ગયો
આંખ-કાન-નાક-શ્વાસમાં
દોરવાતો ગયો દેહ, પાણીની ગાંડીવેલમાં.
કોઈ મત્સ્યકન્યા ગળી ગઈ સુવર્ણમુદ્રિકા
દરિયો ડહોળી નાખ્યો
ગૂંચવાઈ ગયો અંતે
બિછાવેલી જાળમાં
તાણાવાણા તોડી બહાર તો આવ્યો
પણ
રાણી પિંગલના અમરફળ જેમ
એ જ મુદ્રિકા ફરી-ફરી આવી આંગળીમાં
ઉકેલતાં વધુ ગૂંચવાતું ગયું કોકડું
ત્યારે સાંભરી આવ્યા ભર્તૃહરિ
‘ધીક્ તામ્ ચ મદનામ ચ ઇમાં ચ માંમ ચ..’

*09-2013*

## મૃણમયી

તું બેઉ છેડે પ્રજ્વલિત
મીણબત્તી
આગ સંઘરી
અજવાળું વહેંચે
ઉંબરની બેઉ બાજુ

સેતુ છે
બે પહાડ વચ્ચેનો
ખીણના ખાલીપામાં
પહોંચવા ન દે
મરણના પડઘાઓ

દરિયાના બેઉ કાંઠે છે
દીવાદાંડી જેમ
ભરતી ઓટની કાયમ સાક્ષી
મોજાંઓ થઈ વીખરાતા
સમયને
ફીણ-ફીણ કરે રેતઘરમાં
એક જ વૃક્ષની
બે શાખા
એક છેડે પંખીવિહીન માળો
બીજે છેડે માળાવિહીન પંખી
બેઉના સૂનકારને
સંઘરે છાતીમાં
મુલાયમ પીંછાં જેમ

એક ઘરના ઉઘાડબંધ થતા
દરવાજા જેવું તારું હોવું
રાતના એક છેડે રાતરાણી થઈ જંપે
શય્યામાં માંડ
બીજા છેડે પારિજાત થઈ ઊઘડે તરત

ટેલિફોનના એક છેડેથી
ખળખળ વહેતો તારો અવાજ પહોંચે
બીજા છેડે
ત્યારે ચૂરચૂર થાય એક ખડક રોજ-રોજ...
તને જાણું છું
છતાંય નથી જાણતો
હે મૃણમયી!
આખરે તું છે કોણ?

*2012*

## સુખ

('દુ:ખને તો તમે આંગળી ચીંધીને બતાવી શકો, પણ આનંદનું શું?' હિબ્રૂ કવિ યહૂદી ઍમિચાઈ)

જે અડાબીડ છે તે
ભૂલી જઈએ
એક-એક કરીને.
ગુફાનો ગહન અંધકાર 'ને
સૂર્યવિહીન રાત્રીઓનો ઠંડો ઉપહાસ.
ચાલ્યા તે ઊબડ-ખાબડ રસ્તાઓ
અને વાગ્યા તે પથ્થરો અણીદાર.
ચાલ, ભૂલી જઈએ
એ ડરામણાં સપનાંઓ લગાતાર,
ફણીધર જે આડા ઊતર્યા નિરંતર.
અહમ્‌ના ફણા ઉપર મુસ્તાક નામર્દો
ફેંક્યાં જે શસ્ત્રો, થૂંક્યા તે અપશબ્દો.
'ને ભસ્યા જે શ્વાન પીઠ પાછળ.
બસ, બહુ થયું હવે.
ચાલ, બધું જ ભૂલીને નીકળી જઈએ
મદમસ્ત રાજમાર્ગે.
પરોઢ થવામાં છે...
આવતી કાલે ઇતિહાસની રાખમાંથી
આપણે ન પણ પામીએ
પંખી જેવો અવતાર!
આજે અને અત્યારે જ
સુખની એક કવિતા કરી લઈએ
રાઈના આ દાણામાંથી...

*9-7-2013*
*10-7-2013*

## ઘડો

ઘડો કહેવાથી
ઘડો બનતો નથી
તેમાં પાણી ભરાય
ત્યારે જ ઘડો, ઘડો બને!

પાણી સીધા નળમાંથી આવી જાય તેવા નહીં
આકરા, ઊંડા ડોલ-ડોલ સિંચાય તેવા કૂવાનાં
ક્યારેક ડોલ છૂટી જાય સીંચણથી
ક્યારેક સીંચણ છૂટી જાય હાથથી
મીંદડી નાખવી પડે
ડોલનું તો એવું કે હાથ ના પણ આવે
તો પાણી ક્યાંથી હાથ આવે?

પગબયણામાં પાણી પગથી હેઠે ઊતરે
માંડ-માંડ આવે હાથમાં
માંડ-માંડ ઘડો ભરાય
પાણિયારે આવે
તરસ લાગે
પણ આ પાણી પિવાય કેમ?
એમ લાગે કે ઘડામાં
તગતગે છે કોઈની
આંખોનાં પાણી...

*2017*

## ખડક

ખડક
ક્યારેય કહેતો નથી
પોતાના પગની વાતો
આકાશ, સૂર્ય, પવન કે પાણીને.

નવી કૂંપળો ફૂટે ત્યારે
તે છાતીમાં
થોડી વધુ જગા કરી આપે છે
સહુની જાણબહાર.

ધરતી ધ્રૂજી ઊઠે ત્યારે
એ ખૂણો પાળતો નથી.

*2018*

## એકાકાર

કેટલાકે આરસનાં,
કેટલાકે સોનાનાં,
તો
કેટલાકે ભીંસમાં
ખપ લાગે
તેવા જ માણસને
ભગવાન બનાવ્યા.

મેં મૂરખાએ
રેતીના!

એક દિવસ
એક મોટું મોજું આવ્યું
મને અને ભગવાન બેઉને
લઈ ગયું દરિયામાં...

*2018*

# કપડાં

પહેલાં
એમ થયું કે હું શુદ્ધ આત્મા છું.

મંદિરની બહાર નીકળી
રેસ્ટોરાંમાં ગયો.
થયું
ના હું માત્ર શરીર છું.

એ પછી મૉલમાં ગયો
થયું
હું આત્મા-માત્મા કે
શરીર-બરીર એવું કંઈ નથી.

માત્ર કપડાં છું
પછી રાતે ઘેર ગયો
અરીસામાં જોયું
ત્યારે
એવું થયું કે હું કપડાં પણ નથી...

*2018*



ખીંટીઓ

ખિસકોલી બીજું તો શું કરી શકે?
ઘરને ફેરવી શકે
મ્યુઝિયમમાંથી બાગમાં!

# છાપું

(૧)

કાગળનો સૂરજ
બારણાની તિરાડમાંથી સરકી આવે.

રાતે ન્યુઝ ચેનલ ઑફફ કરી
ઊંચે ચઢેલો પ્રાર્થનાનો પારો
આત્માની ખીણમાં ગબડી પડે.

કાળી શાહી, રાતી શાહી, રાતી, કાળી, રાતી...
ચીસો પાડતી ઍમ્બ્યુલન્સો-
તરફડતા બલાત્કૃતાના ચહેરાઓ-
ભૂંજાતા નમાયા શિશુઓ-
આતંકીઓએ ભૂંસેલા સેંથાઓ-
જૂઠાણા પઢતા ગુલામ પોપટો!

આગ છે પાણી લાવો આગ છે પાણી લાવો.
ફરિયાદ તપાસ ફરિયાદ તપાસ ચાલુ ચાલુ...

સોનાનાં ઈંડાં આપતી મરઘીઓ-
ભાગેડુ 'કબૂતરો'-
રક્ષક ભક્ષક રક્ષક જ ભક્ષક – ચમરબંધી ફરરર ફરર...
બંધ બધું અંધ આંખ-કાન-નાક
વચ્ચેના પાને વંચાય તો વંચાય નાનકડી નોંધો
શાંતિ માટેનું 'નોબેલ' જાહેર
બેહોશને ગુલાબી સપનાઓ વેચતા કુબેરો.

હે ચોથા જાગીરદારો!
તમે તો કાગળનો સૂરજ મોકલીને કહો છો સોય ઝાટકીને,
'જુઓ આ છે આપણી આબેહૂબ દુનિયા!'

હું વાંઝણી પીડાઓ લઈને ઊઠું છું,
અર્ધી બાલદીથી મારા નામનું નાહી નાખું બાથરૂમમાં...

*2020*

## છાપું

(૨)

તમે સવાર-સવારમાં ઉદાસ થઈ
જાઓ એમાં
એનો કોઈ દોષ નથી
એ તો બતાવે છે
જુઓ
અહીં નિર્દોષોની હત્યાઓ થઈ
અહીં કબૂતર ઉડાડી વાટાઘાટ થઈ
અહીં સૂતેલી ફૂટપાથ પર ગાડી ચલાવી
અહીં ટોળું, અહીં તોડફોડ, અહીં આગ
અહીં આ, અહીં તે
એ તો આંગળી ચીંધી
સવાર-સવારમાં બતાવે છે
નિર્વસ્ત્ર દુનિયાને
ઉદાસ થઈ જાઓ
એમાં એનો કોઈ દોષ નથી
સવાલ તો ચાના કપ પછી આવે છે
આજ તમે કેટલા અકબંધ રહ્યા?

*2020*

## રૂપાંતર

એક આદત કે
ઘરની બારીઓ ખુલ્લી રાખવાની.

તડકો, વાછટ કે ઠંડો પવન આવે
એ તો ગમે
એમ લાગે કે જીવું છું.
એમ તો જીવજંતુઓ પણ આવતાં હશે જાણબહાર!
પણ
એક રુઆબી બિલાડો આવે
બારી વાટે
ડીલે ચટાપટા, ઘાટી રૂવાંટી,
તગતગતી આંખો
ડર્યા વિના બેસી જાય ખુરશી ઉપર
દરવાજેથી લપાતાં આવતાં
ઉંદર માટે
એક રમત શરૂ થાય...

મને થાય કે
મારો રૂમ એક કચેરી છે,
ખુરશી પરનો બિલાડો
એક રીઢો અમલદાર.
ને
ઉંદર એક ગરીબડો અરજદાર...

આને કાવ્ય ના કહો તો પણ ચાલે
કાવ્ય તો સુંદર હોવું જોઈએને?

*2021*

## મેટામૉર્ફૉસિસ

હવે તેને કોઈ
નામ-ઠામ-ઠેકાણું – ઉંમર-જાતિ-ધર્મ-ધંધો
એવું કૈં જ પૂછશો નહીં
ગઈ કાલે સસ્તા અનાજની દુકાને
ફરી વાર શું બન્યું તે પણ નહીં
ભીડમાં રોજ ડાબી બાજુએ જ ચાલવાથી
ક્યાં-ક્યાં ઈજાઓ થઈ તે પણ નહીં
બજારમાં તેણે તેના ખિસ્સાં કેટલી વાર ફંફોસ્યાં તે પણ નહીં
દરેક વખત તે ભોંઠો પડે તેવું કૈં જ પૂછશો નહીં
'માણસ' નામથી નિસ્બત હોય તો આટલું જરૂર પૂછશો
કાલે મૉલના વિરાટ કદના અરીસામાં
તેણે તેના પ્રતિબિંબમાં શું જોયું?
તેને એવું કેમ લાગ્યું કે
તેના આખા ડીલ ઉપર ઊન ઊગી નીકળ્યું છે!
તે રાજી થઈને
પછી તેના જેવા જ પ્રવાહમાં કેમ ભળી ગયો?
આટલું જરૂર પૂછજો
પણ...

*2021*

## કન્સ્ટ્રક્શન સાઇટ

કોણ હશે તેઓ?
ક્યાંથી આવ્યા હશે?
શું લઈને આવ્યા હશે?
શું છોડીને આવ્યા હશે?
અરે, કંઈક તો કહો?
તેઓને
શું
ટ્રકમાં ભરીને લાવો છો?
ઠલવો છો ઈંટ-રેતીની જેમ?
ઘૂમરાવો છો સિમેન્ટ સાથે?
તેઓની
દૂબળી માટી રગદોળો છો?

સ્વપ્નનાં ઘર સજાવો છો?
કોનાં?
એ તો કહો કોણ છો તમે?
એ તો કહો કોણ છે તેઓ?

*2017*

# ખિસકોલી

સવાર-સવારમાં,
એક ખિસકોલી
આખો આસોપાલવ લઈને
આવે ઘરમાં.
સોફા અને થોથાં વચ્ચે
તેની જગા કરી લ્યે.
તેની પાછળ-પાછળ
પગલીઓ ભરતો
તડકોય આવે
હવા પણ
ધીમું-ધીમું ગણગણતી આવે.
ગરીબડાં થઈ જાય
સોફા, ટીવી, એસી, ટેબલ ખુરશી...
ખિસકોલી બીજું તો શું કરી શકે?
ઘરને ફેરવી નાખે
મ્યુઝિયમમાંથી
બાગમાં!